# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)

## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)

Ph: 0285-2681400 : www.bknmu.edu.in || academic@bknmu.edu.in

---

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/1979/૨૦૨૬ તા.૧૫/૧૦/૨૦૨૬

વિષયઃ- Spoken Sanskrit SRG (State Resource Group)નાં નવા સદસ્યો (તજજ્ઞો)ની પસંદગી માટે આવેદન કરવા બાબત.

સંદર્ભઃ- ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃગુ.રા.સં.બો/અયજ/૨૦૨૬-૨૭/૧૦૫૭૭-૧૦૬૫૭, તા.૧૪/૧૦/૨૦૨૬.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઈન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના સંદર્ભિત પત્ર અનુસાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અનુચ્છેદ ૪,૧૭ અનુસાર સરળ માનસ સંસ્કૃત (Simple Standard Sanskrit) અમલી કરવામાં આવે, સંસ્કૃતને સંસ્કૃત માધ્યમથી ભણાવવા માટે સંસ્કૃત પાઠ્યપુસ્તકોનું સંપાદન, વર્તમાન શિક્ષકો અને અધ્યાપકો આ માટે ત્વરિત સજ્જ થાય તે હેતુથી તેઓનું પ્રશિક્ષણ થાય તેવી યોજના લાગુ કરવી, તથા અનુચ્છેદ ૨૨.૭ અનુસાર સંસ્કૃત ભાષા વ્યવહારમાં ઉપયોગમાં આવે તે માટે શિક્ષણમાં પણ તે જ માધ્યમથી અધ્યયન અને અધ્યાપન અનિવાર્યપણે થવું જોઇએ. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સાધારણ સભા અને સંસ્કૃત સપ્તાહ યોજનાની રાજ્ય સ્તરીય સમિતિની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ સંસ્કૃત માધ્યમથી સંસ્કૃત સંભાષણ પ્રશિક્ષક વર્ગ તૈયાર કરવા માટે સંસ્કૃત સંભાષણથી અભ્યાસ કરાવી શકે તેવા પ્રશિક્ષકની જરૂરિયાત છે. જેથી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન સાથે સંસ્કૃત શિક્ષણને આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ સાથે જોડવાના હેતુથી Spoken Sanskrit SRG (State Resource Group)ની રચના કરવા માટેનો નિર્ણય કરવામાં આવેલ છે. આ અંતર્ગત ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં કાર્યરત સંસ્કૃત વિષયના તેમજ સંસ્કૃત સંભાષણમાં નિપુણ અધ્યાપકોમાંથી Spoken Sanskrit SRG સદસ્યો (તજજ્ઞો)ની પસંદગી કરવામાં આવનાર છે. આથી યુનિવર્સિટી સંસ્કૃત ભવન તથા સંલગ્ન કોલેજોમાં કાર્યરત અને સંસ્કૃત સંભાષણમાં નિપુણ અધ્યાપકશ્રીઓને આ સહ સામેલ પત્રમાં આપેલ લિંક મારફતે તા.૧૪/૧૦/૨૦૨૬ થી તા.૧૭/૧૦/૨૦૨૬ દરમ્યાન આવેદન કરવા અનુરોધ કરવામાં આવે છે.

(મુસદ્દો કુલસચિવશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.)

સહી

(ડૉ. રમેશ જી. પરમાર)

કુલસચિવ

રવાના કર્યુ.

મદદનિશ કુલસચિવ

બિડાણઃ- સંદર્ભિત પત્રની નકલ.

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં ઈન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાનાઃ-

- માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

गुजरातराज्यसंस्कृतबोर्ड
शिक्षणविभागः, गुजरातसर्वकारः
Gujarat State Sanskrit Board
Education Department, Government of Gujarat

सत्यमेव जयते
ગુજરાત સરકાર

ક્રમાંક: ગુ.રા.સં.બો/અયજ/૨૦૨૬-૨૭/ ૧૦૫૨૭ - ૧૦૬૫૭ તા.૧૭/૧૦/૨૦૨૬

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સિટીઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય:** Spoken Sanskrit SRG (State Resource Group) ના નવા સદસ્યો (તજજ્ઞો)ની પસંદગી માટે યુનિવર્સિટી તથા કોલેજમાં કાર્યરત અધ્યાપકો પાસેથી આવેદન મંગાવવા તથા ઓનલાઈન પરીક્ષા યોજવા બાબત.

**સંદર્ભ:** ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની તા. ૦૬/૧૦/૨૦૨૬ની રાજ્ય સ્તરીય સમિતિની કાર્યવાહી નોંધ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અનુચ્છેદ ૪.૧૭ અનુસાર સરળ માનક સંસ્કૃત (Simple Standard Sanskrit) અમલી કરવામાં આવે. સંસ્કૃતને સંસ્કૃત માધ્યમથી ભણાવવા માટે સંસ્કૃત પાઠ્યપુસ્તકોનું સંપાદન, વર્તમાન શિક્ષકો અને અધ્યાપકો આ માટે ત્વરિત સજ્જ થાય તે હેતુથી તેઓનું પ્રશિક્ષણ થાય તેવી યોજના લાગુ કરવી. તથા અનુચ્છેદ ૨૨.૭ અનુસાર સંસ્કૃત ભાષા વ્યવહારમાં ઉપયોગમાં આવે તે માટે શિક્ષણમાં પણ તે જ માધ્યમથી અધ્યયન અને અધ્યાપન અનિવાર્યપણે થવું જોઈએ. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સાધારણ સભા અને સંદર્ભ દર્શિત સંસ્કૃત સપ્તાહ યોજનાની રાજ્ય સ્તરીય સમિતિની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ સંસ્કૃત માધ્યમથી સંસ્કૃત સંભાષણ પ્રશિક્ષક વર્ગ તૈયાર કરવા માટે સંસ્કૃત સંભાષણથી અભ્યાસ કરાવી શકે તેવા પ્રશિક્ષકની જરૂરિયાત છે. જેથી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન સાથે સંસ્કૃત શિક્ષણને આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ સાથે જોડવાના હેતુથી **Spoken Sanskrit SRG (State Resource Group)** ની રચના કરવા માટેનો નિર્ણય કરવામાં આવેલ છે. આ અંતર્ગત ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં કાર્યરત સંસ્કૃત વિષયના તેમજ સંસ્કૃત સંભાષણમાં નિપુણ અધ્યાપકોમાંથી Spoken Sanskrit SRG સદસ્યો (તજજ્ઞો)ની પસંદગી કરવામાં આવનાર છે. આથી આપના તાબા હેઠળની યુનિવર્સિટી તથા તેની સંલગ્ન કોલેજોમાં કાર્યરત અને સંસ્કૃત સંભાષણમાં નિપુણ અધ્યાપકશ્રીઓને આ અંગે જાણ કરી આવેદન કરવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

**૧. ઉમેદવારો માટેની યોગ્યતા**

**નીચે દર્શાવેલ લાયકાત ધરાવતો ઉમેદવાર આવેદન કરી શકશે.**

1. યુનિવર્સિટી અથવા કોલેજમાં કાર્યરત અધ્યાપક.
2. સંસ્કૃત ભાષામાં **સંભાષણશીલ તથા ધારાપ્રવાહથી સંસ્કૃત બોલી શકતા** હોવા જોઈએ.
3. સરળ, સહજ અને વ્યવહારુ સંસ્કૃતમાં અધ્યાપન કરી શકે તેવી ક્ષમતા ધરાવતા હોવા જોઈએ.
4. સંસ્કૃત ભાષા સંવર્ધન તથા સાહિત્યના પ્રચાર-પ્રસાર અને વિકાસ માટે સક્રિય રીતે કાર્ય કરવાની અભિરુચિ ધરાવતા હોવા જોઈએ.
5. સંશોધન, લેખન, સાહિત્ય સર્જન માટે ઉત્સુક હોવા જોઈએ.

**૨. Spoken Sanskrit SRGની મુખ્ય ભૂમિકા**

SRG સદસ્યો તરીકે પસંદ થયેલ તજજ્ઞો દ્વારા નીચેની કામગીરીમાં માર્ગદર્શન તથા સહયોગ આપવાનો રહેશે:

- સરળ સંસ્કૃતમાં અધ્યાપન કરી શકે તેવા **પ્રશિક્ષકો તૈયાર કરવા અને તાલીમ આપવી.**
- સંસ્કૃત સંભાષણ માટે તાલીમ મોડ્યુલ તથા શૈક્ષણિક સામગ્રીના વિકાસમાં સહયોગ આપવો.
- સંસ્કૃત ભાષા તથા સાહિત્યનું **નિર્માણ, સંવર્ધન અને સંપાદન કરવું.**
- ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની વિવિધ શૈક્ષણિક યોજનાઓના નિર્માણ, આયોજન અને અમલીકરણમાં સહયોગ તથા માર્ગદર્શન આપવું.
- સંસ્કૃત સંવર્ધન માટે **નવાચાર તથા સંશોધનાત્મક પ્રવૃત્તિઓ**ને પ્રોત્સાહન આપવું.
- **ICT Based Content**, ઈ-કન્ટેન્ટ, ડિજિટલ લર્નિંગ મટિરિયલ તથા મલ્ટીમીડિયા આધારિત સંસ્કૃત સામગ્રીના નિર્માણમાં માર્ગદર્શન આપવું.

- સંસ્કૃત સંભાષણને ઉચ્ચ શિક્ષણ સાથે સાંકળી વિદ્યાર્થીઓમાં વ્યવહારુ સંસ્કૃતના ઉપયોગને પ્રોત્સાહન આપવું.
- સંસ્કૃત ભાષા અને સાહિત્યના આધુનિક સંદર્ભમાં વિકાસ માટે માર્ગદર્શન આપવું.
- બોર્ડ દ્વારા સોંપવામાં આવતી વિવિધ શૈક્ષણિક, તાલીમલક્ષી, સંશોધનાત્મક તથા સર્જનાત્મક કામગીરીમાં તજજ્ઞ તરીકે સહયોગ આપવો.

**૩. પસંદગી અંગેની અન્ય સૂચનાઓ**

- આવેદન કરવાથી આપોઆપ Spoken Sanskrit SRG સદસ્ય તરીકે પસંદગી થશે નહીં.
- ઉમેદવારના સંસ્કૃત ભાષાજ્ઞાન, સંભાષણ કૌશલ્ય, સરળ સંસ્કૃતમાં અધ્યાપન કરવાની ક્ષમતા, સાહિત્યિક/સર્જનાત્મક અભિગમ, ICT કૌશલ્ય તથા Spoken Sanskrit SRGની જવાબદારી નિભાવવાની ક્ષમતાને આધારે પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.
- પસંદગી પ્રક્રિયા અંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડનો નિર્ણય અંતિમ રહેશે.
- પસંદ થયેલ SRG સદસ્યોએ બોર્ડની જરૂરિયાત મુજબ તાલીમ, માર્ગદર્શન, સામગ્રી નિર્માણ તથા અન્ય સંસ્કૃત સંવર્ધન પ્રવૃત્તિઓમાં સહયોગ આપવાનો રહેશે.
- ઓનલાઈન પરીક્ષાના નિયત મેરિટ મુજબ ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોને જ દ્વિતીય તબક્કાના સાક્ષાત્કાર (Interview) હેતુ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર ખાતે અથવા વધારે સંખ્યા હશે તો જિલ્લા ખાતે આમંત્રિત કરવામાં આવશે.
- Spoken Sanskrit SRG સદસ્ય તરીકે પસંદગી પામેલ તજજ્ઞોને બોર્ડની અધિકૃત કામગીરી અને બેઠકો સંદર્ભે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર નિયમાનુસાર T.A., D.A. તેમજ બેઠક ભથ્થું મળવાપાત્ર રહેશે.

ઉપરોક્ત વિગત સદર પરિપત્રની જાણ આપની યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ તેમજ સંલગ્ન કોલેજોના સંબંધિત અધ્યાપકશ્રીઓ સુધી પહોંચાડી યોગ્ય અને સંસ્કૃત સંભાષણમાં નિપુણ અધ્યાપકશ્રીઓને આવેદન કરવા પ્રોત્સાહિત કરવામાં આવે તેવી વિનંતી છે.

**૪. આવેદન કરવાની પ્રક્રિયા**

પ્રતિભાગીએ **Google Form દ્વારા તા. ૧૪-૧૦-૨૦૨૬ થી તા. ૧૭-૧૦-૨૦૨૬** દરમિયાન આવેદન કરવાનું રહેશે.

**Google Form Link: https://forms.gle/ZqBMZKe4CAVup9Dd8** તેમજ આવેદન હેતુ નીચે આપેલ ક્યુ આર કોડ સ્કેન કરો.

**નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીની મંજુરી અન્વયે**

**ખાસ ફરજ પરના અધિકારી**
**ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ**
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર